# અંતે એ. રાજાના જામીન મંજૂર

નવી દિલ્હી,તા.૧૫

સમગ્ર દેશને હચમચી મૂકનાર ટુજી સ્પેક્ટ્રમ કેસમાં આખરે ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજાને મોટી રાહત મળી ગઈ છે. દિલ્હી કોર્ટે આજે રાજાને તેમની ધરપકડના ૧૫ મહિના બાદ જામીન આપી દીધા હતા. સ્પેશલ જજ ઓપી સૈનીએ શરતી આધાર ઉપર રાજાને જામીન આપી દીધા છે. ઓપી સૈનીએ કહ્યુ હતુ કે ડીએમકેના સાંસદને ૨૦ લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ અને આટલી જ રકમની બે બાંહેંધરી આપવી પડશે. રાજાને જામીન મળતાની સાથે ગઈકાલથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કોર્ટે રાજા ઉપર ઘણી શરતો લાદી દીધી છે. જેના ભાગરૂપે રાજાને આદેશ કરવામા આવ્યો છે કે પ્રાથમિક પરવાનગી વગર રાજા તમિળનાડુની મુકાલાત લઈ શકશે નહીં. સાથે સાથે ટેલિકોમ વિભાગની ઓફિસમા પણ જઈ શકશે નહી. કોર્ટે ૧૪ પાના ના જામીન આદેશમા જણાવ્યુ છે કે રાજા કોઈપણ સાક્ષી ઉપર વર્ચસ્વ જમાવવાના પ્રયાસ પણ કરી શકશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે બીજી ફેબ્રુઆરી ૨૦૧૧ના દિવસે રાજાની ધરપકડ કરવામા આવી હતી. આ સમાચાર અંગે પ્રતિક્રિયા કરતા તમિળનાડુના મુખ્યમંત્રી જેજય લલિતાએ કહ્યુ હતુ કે ટૂજી કેસ હવે અર્થ વગર બની શકે છે. બીજી બાજુ ડીએમકેએ આ નિર્ણયનુ સ્વાગત કર્યુ છે. ડીએમકેના નેતા તીરુચિતશિવાએ કહ્યુ છે કે અમે કોર્ટના ચુકાદાનુ સ્વાગત કરીએ છીએ. અમને આશા છે કે તેઓ સમગ્ર મામલામા નિર્દોષ જાહેર થશે. રાજા સંસદની કામગીરીમા અથવા તો પક્ષની કામગીરીમા ભાગ લઈ શકશે કે કેમ તે અંગે પૂછવામા આવતા શિવાએ કહ્યુ હતુ કે તેમની જામીન માટે કોર્ટ દ્વારા નક્કી કરવામા આવેલી શરતો મુજબ શિવા તમામ પ્રવૃત્તિમા ભાગ લઈ શકશે. શિવાએ કહ્યુ હતુ કે ડીએમકેના કેટલાક નેતાઓ ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાનને જેલમાથી છોડવામા આવશે ત્યારે ત્યા પણ પહોંચશે. ૪૯ વર્ષીય રાજાને જામીન આપતા કહ્યુ છે કે



તમામ સહ આરોપીઓને જામીન મળી ચુક્યા છે જેથી તેમને વધુ સમય સુધી અટકાયતમા રાખવાનો કોઈ મતલબ નથી. ટ્રાયલની પ્રગતિને ધ્યાનમા લઈને તથા આરોપીની કસ્ટડીના ગાળાને ધ્યાનમા લઈને તમામ આરોપીઓને જામીન આપવામા આવ્યા છે જેથી રાજાને પણ જામીન આપી દેવામા આવ્યા છે. સીબીઆઈને એવી દહેશત છે કે જો રાજાને જામીન આપવામા આવશે તો તેઓ પુરાવા સાથે ચેડા કરશે અને સાક્ષીઓ ઉપર વર્ચસ્વ જમાવવાના પ્રયાસ કરશે. કોર્ટે કહ્યુ હતુ કે આરોપી ઉપર લાદમા આવેલી શરતો કઠોળ રીતે ટાળવી પડશે. કોર્ટે ધ્યાન દોર્યુ છે કે આ સંબંધમાં તમામ પુરાવા દસ્તાવેજી છે. અનો કસ્ટડીમા છે. પ્રોસીક્યુશનની દહેશતનો આરોપીઓને જામીન આપતી વેળા ધ્યાનમા લેવામા આવી છે. જજે કહ્યુ હતુ કે કેસમા તમામ પુરાવા દસ્તાવેજી હોવાથી રાજામાટે કે અન્ય માટે ચેડા થઈ શકે તેવા નથી.

## પા ફિલ્મની બાળ કલાકાર તરુણી સચદેવનુ મોત

મુંબઈ, તા.૧૫

નેપાળમાં થયેલી વિમાન દુર્ઘટનામાં જે ભારતીયોના મોત થયા છે તેમા અમિતાભ બચ્ચન અભિનીત પા ફિલ્મમા બાળ કલાકાર તરીકેની ભૂમિકા અદા કરનાર તરુણી સચદેવનુ પણ મોત થયુ છે. ૧૪ વર્ષની તરુણીએ અમિતાભ બચ્ચની સાથે પા ફિલ્મમા ભૂમિકા અદા કરી હતી. તરુણી સચદેવ



દક્ષિણ ભારતની ઘણી ફિલ્મોમા પણ કામ કરી ચુકી છે. તરુણી ૫૦થી વધુ જાહેરાતોમા પણ કામ કરી ચુકી છે.વિમાનમા તરુણીની સાથે રહેલી માતાનુ પણ મોત થયુ છે. ગઈકાલે ૨૧ લોકોને લઈને જતુ નાનકડુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ તેમા તરુણીનુ મોત થયુ હતુ. અગ્નિએરના વિમાન ૧૮ યાત્રી સહિત ૧૩ ક્રુમેમ્બર હતા. હાદસામા મોત થયા હતા જેમા ૧૩ ભારતીય સામેલ છે. હિન્દી બ્લોકબસ્ટર ફિલ્મ પામાં ૧૪ વર્ષીય અભિનેત્રીએ મહત્વની ભૂમિકા ભજવી હતી તરુણી સચદેવનુ સ્વપ્ન ગઈકાલે રોડાઈ ગયુ હતુ. તરુણી છેલ્લે પા ફિલ્મમા નજરે પડી હતી. અમિતાભ બચ્ચન સાથે ભૂમિકા ભજવ્યા બાદ તેની પ્રસંશા થઈ હતી. તરુણીની સાથે સાથે તેની માતા ગીથા સચદેવનુ પણ મોત થયુ હતુ. આ ઉપરાંત તે શાહરુખ ખાનના ક્વીઝ શો ક્યા આપ પાંચવી પાસ સે તેજ હૈ મા નજરે પડી હતી. રસનાની એડમા તે દેખાઈ ચુકી હતી.

## આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગના મામલામા પાંચ ખેલાડી ૫ દિવસ માટે સસ્પેન્ડ

નવી દિલ્હી,તા.૧૫

ક્રિકેટના કોકટેલ બ્રાન્ડ આઈપીએલમાં શંકાસ્પદ સોદાબાજીનો ખુલાસો થયા બાદ ક્રિકેટ જગતમા ખળભળાટ મચી ગયો છે. આઈપીએલમા સ્પોટ ફિક્સિંગના મામલામા પાંચ ખેલાડીઓને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આઈપીએલની ગર્વનીંગ કાઉન્સિલે સમગ્ર મામલામા તપાસ કરવા બીસીસીઆઈની નવી ભ્રષ્ટાચાર વિરોધી યુનિટના વડા રવિ સાવાણીને આદેશ કર્યો છે સાથે સાથે ૧૫ દિવસમા અહેવાલ આપવા પરત સુચના આપી છે. સસ્પેન્ડ કરવામા આવેલા ખેલાડીઓમા મોહનિસ મિશ્રા, સલભ શ્રીવાસ્તવ, ટીપી સુધીન્દ્ર, અમિત યાદવ, અને અભિનવ બાલીનો સમાવેશ થાય છે. બીસીસીઆઈના ટોચના અધિકારીઓ, આપીએલ ગર્વનીંગ કાઉનસિલના સભ્યોની કલાકો સુધી ચાલેલી ટેલિ કોન્ફરનસીંગ બાદ આ નિર્ણય કરાયો છે. ૨.૩૦ વાગે આ ટેલિ કોન્ફરનસીંગ શરૂ થઈ હતી.એક ખાનગી ટીવી ચેનલનો ખુલાસો થયા બાદ ભારતીય ક્રિકેટ બોર્ડ, આઈપીએલના આયોજકો અને ખેલાડીઓ પણ હચમચી ઉઠ્યા છે.




આ ચેનલે દાવો કર્યો છે કે આઈપીએલમા ખેલાડીઓ, આયોજકો, ટીમના માલિકો અને ભારતીય ક્રિકેટના જાણીતા લોકો વચ્ચો સોદાબાજી થાય છે. સમગ્ર મામલો સ્ટીંગ ઓપરેશન મારફતે સપાટી ઉપર આવ્યા બાદ આઈપીએલની ગર્વનીંગ કાઉન્સિલે સ્ટીંગ ઓપરેશનમા આરોપોમા ઘેરાયેલા પાંચ ખેલાડીઓને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા છે. કાઉન્સિલે આ સમગ્ર મામલામા તપાસનો આદેશ આપી દીધો છે. સ્ટીંગ ઓપરેશનમાં સામેલ ખેલાડીઓમાં ખળભળાટ મચી ગયો છે. ચેનલે દાવો કર્યો છે કે ભારતીય ક્રિકેટના સુપર સ્ટાર અને ટીમના કેપ્ટન પણ ફિક્સિંગમા સામેલ છે. ચેનલ મુજબ તેના રિપોર્ટરો આઈપીએલને એજન્ટ બનીને એક વર્ષ સુધી સ્ટીંગ ઓપરેશનમા સામેલ હતા. ચેનલે દાવો કર્યો છે કે મનીશ પાંડે, મોહનિશ મિશ્રા, મનમિન્દર બિસલાને નક્કી કરવામા આવેલી રકમ કરતા વધારે નાણા લીધા છે. જ્યારે ડેક્કન ચાર્જસના ટી સુધીન્દ્રરે નો બોલ ફેંકવા માટે પૈસા લીધા હતા. સલભ શ્રીવાસ્તવે પણ સ્ટીંગ ઓપરેશનમાં સ્પોટ ફિક્સિંગ માટે તૈયાર દેખાયો છે. આ તમામને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરવામા આવ્યા છે બીજી બાજુ બે ખેલાડી એવા પણ છે જે સ્ટીંગ ઓપરેશનની અગ્નિ પરીક્ષામા સફળ રીતે બહાર આવી ગયા છે. રજત ભાટિયા અને સમદ અલફલાહની પ્રશંસા પણ કરવામા આવી છે. આ બંને ખેલાડીએ ફિક્સિંગ માટે લાલચ આપનાર લોકોને સાફ શબ્દોમા કહ્યુ હતુકે આ બાબતમા તેમને કોઈ રસ નથી આ રીતે તેમને નાણા બનાવામા પણ કોઈ રસ નથી.

## ઈરાનથી ક્રુડની આયાતમાં કાપ મૂકવા નિર્ણય કરાયો

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકાના દબાણ સમક્ષ ઝુકીને ભારતે આજે ઈરાન પાસેથી ક્રુડ ઓઈલની આયાતમા કાપ મુકવાનો નિર્ણય કર્યો હતો. આ નાણાકીય વર્ષમાં ક્રુડ ઓઈલની આયાતમાં ૧૧ ટકા સુધીનો કાપ મુકવામા આવ્યો છે. આની સાથે ઈરાન પાસેથી ક્રુડ ઓઈલ આયાત ૧૫.૫ મિલિયન ટનની રહેશે. અમેરિકાએ હાલમા ભારત ઉપર તીવ્ર દબાણ વધાર્યુ હતુ. ઈરાન સાથે અમેરિકાના વણસી રહેલા સંબંધોના લીધે અમેરિકાના તંત્રએ ભારતને ઈરાન પાસેથી ઓછા પ્રમાણમાં ક્રુડ ખરીદવા કહ્યુ હતુ ભારત ક્રુડ ઓઈલની ૮૦ ટકા આયાત કરે છે. આ આયાત પૈકી ૧૨ ટકા આયાત તહેરાન ઉપર આધારિત હોય છે. વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ઈરાન પાસેથી ૧૮.૫૦ મિલિયન ટનની આયાત કરવામા આવી હતી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેના રાજ્યપ્રધાન આરપીએન સિંહે રાજ્યસભાના એક પ્રશ્નના જવાબમા આ મુજબની માહિતી આપી હતી. ઈરાન પાસેથી ક્રુડ ઓઈલની આયાત પર કાપ મુકવા અમેરિકાએ તીવ્ર દબાણ વધારી દીધા બાદ આ નિર્ણય લેવામા આવ્યો છે જોકે સરકારે અમેરિકા તરફથી કોઈ દબાણ હોવાનો ઈન્કાર કર્યો છે. આવનાર દિવસોમાં અમેરિકા ઈરાન મામલે વધુ દબાણ લાવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. સરકારે અગાઉ કહ્યુ હતુ કે ઈરાન પાસેથી આયાતમા કોઈ કાપ મુકવા નિર્ણય લેવુ મુશ્કેલ છે કારણ કે ભારતની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા ઈરાન ભારત માટે મહત્વપૂર્ણ છે. ગયા સપ્તાહમા અમેરિકાના વિદેશમંત્રી હિલેરી ક્લિંટન ભારત આવ્યા હતા એ વેળા હિલેરીએ ઈરાન પાસેથી આયાતમા ઘટાડો કરવા ભારત ઉપર દબાણ વધાર્યુ હતુ. અમેરિકી પ્રતિબંધોમાથી રાહત મેળવવા અમેરિકાએ વળતી સરત મુકી હતી. અમેરિકાએ પહેલાથી જ જાપાન અને દસ યુરોપિયન દેશો માટે પ્રતિબંધોને હળવા બનાવી દીધા છે. પરંતુ ભારત અને ચીનને દુર રાખ્યા છે. ઈરાનના મોટા ક્લાઈન્ટ તરીકે ભારતને ગણવામા આવે છે.

## પાઈલોટોની હડતાળથી ૧૫૦ કરોડનું એર ઇન્ડિયાને નુકશાન

નવી દિલ્હી,તા.૧૫

એર ઈન્ડિયાના પાઈલોટોની હડતાળ આજે આઠમાં દિવસે પણ યથાવત રીતે જારી રહી હતી. જેના પરિણામ સ્વરૂપે યાત્રીઓને તકલીફ પડી રહી છે. એર ઈન્ડિયા મેનેજમેન્ટ અને પાઈલોટ બંને પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે. જેથી હડતાળનો વહેલીતકે ઉકેલ આવવાની શક્યતા દેખાઈ રહી નથી. આજે પણ સવારે હડતાળના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી હતી. હડતાળના કારણે આજે ૧૦ ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ કરવી પડી હતી. દિલ્હી અને મુંબઈમાંથી આ ફ્લાઈટો રદ કરાઈ હતી. બીજી બાજુ ઉડ્ડયન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક તબીબી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે માંદગીના બહાનાથી ફરજથી દુર રહેલા મોટા ભાગના પાઈલોટો ઘરમાં મળ્યા નથી. તેમના માટે એર ઈન્ડિયા કેરીયર દ્વારા તબીબોની ટીમ મોકલવામાં આવી હતી. હવે આ પાઈલોટો સામે પગલા લેવામાં આવશે. નાગરીક ઉડ્ડયન પ્રધાન અજિતસિંહે આજે આ મુજબની વાત કરી હતી. તબીબી સમરી મુજબ દિલ્હી સ્થિત ૫૩ પાઈલોટો પૈકી ૪૮ ઘરમાં મળ્યા નથી. તેમના આવાસ ઉપર લોક લાગેલા હતા. તેમના ફોન ઉપર પણ સંપર્ક થતો નથી. ૧૮ આઉટ સ્ટેશનના પાઈલોટો પૈકી નવના પેટનો દુખાવો છે. પરંતુ તબીબોનું કહેવું છે કે તે તબીબી રીતે ફીટ છે. તબીબોની ટીમ ૫૩ આવાસ ઉપર પહોંચી હતી જે પૈકી ૧૨માં લોક હતા. હડતાળને ઉકેલવાના પ્રયાસો ટોચના સ્તરે કરવામાં આવી રહ્યા છે. છતાં ઉકેલ દેખાઈ રહ્યા નથી. દેશભરમાં યાત્રીઓ અટવાઈ પડ્યા છે. અને વળતરની માંગ કરી રહ્યા છે. સમાધાનના મુડમાં બંને નથી. દેશભરમાં વિમાની મથકોએ હાલત કફોડી બની રહી છે.

## બિહારમાં ખોરાકી ઝેરથી મૃત્યુઆંક વધી ૧૦ થયો

પટના,તા.૧૫

બિહારના જેહાનાબાદ જિલ્લામાં ખોરાકી ઝેરના કારણે મોતનો આંકડો વધીને આજે ૧૦ ઉપર પહોંચી ગયો હતો. મળેલી માહિતી મુજબ સોમવારે મોડી રાત્રે અનાજના લોટના એક સ્વરૂપ ગણાતા 'સત્તુ' ખાધ્યા બાદ મજૂરોને માઠી અસર થવા લાગી હતી. રાજા બજાર વિસ્તારમાં નિર્માણ હેઠળ રહેલા એક મકાનમાં કામ કરતા મજૂરોએ મોડી રાત્રે સત્તુ ખાધ્યા બાદ આ બનાવ બન્યો હતો. અન્ય ચારની હાલત હજુ ગંભીર જણાવવામાં આવી છે. જિલ્લા પોલીસના અધિકારી હરપ્રીત કૌરે માહિતી આપતા કહ્યું છે કે દોલતપુરમાં એક મકાનનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું.

આ ગાળા દરમિયાન કામગીરી પૂરી થયા બાદ મજૂરો એક દુકાન ઉપર પહોંચ્યા હતા અને સત્તુ લઈને આવ્યા હતા. સત્તુ ખાધ્યા બાદ તમામ મજૂરોની હાલત બગડવા લાગી હતી. ગ્રામીણ લોકોએ તેમણે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હોસ્પિટલમાં દાખલ કરાયેલા પાંચ લોકોના મોત થયા હતા જ્યારે પટના લઈ જતી વેળા અન્ય પાંચના મોત થયા હતા. બાકીના અન્ય અસરગ્રસ્તોને પટના મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સત્તુમાં ઝેરી પદાર્થો હોવાની શંકા દેખાઈ રહી છે.

## માઈનીંગ કાંડમાં યેદિયુરપ્પા અને અન્ય ત્રણ સામે એફઆઈઆર દાખલ

નવી દિલ્હી, તા.૧૫

કર્ણાટકના ગેરકાયદે માઈનીંગ કૌભાંડના સંબંધમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા સામે કરવામા આવેલા ભ્રષ્ટાચારાના આક્ષેપોના મામલામા આજે તપાસ શરૂ કરવામા આવી હતી. સીબીઆઈએ યેદિયુરપ્પા અને અન્ય ત્રણ સામે આજે એફઆઈઆર દાખલ કરી હતી. યેદિયુરપ્પા ઉપરાંત અન્ય જે ત્રણ સામે એફઆઈઆર દાખલ કરવામા આવી છે તેમા તેમના ઉપરાંત બી વાય વીજેન્દ્ર અને રાગવેન્દ્રનો સમાવેશ થાય છે.



આ ઉપરાંત જમાઈ સોહન કુમાર સામે પણ એફઆઈઆર દાખલ કરવામા આવી છે. સીબીઆઈની ખાસ નવ સભ્યોની ટીમ યેદિયુરપ્પા અને અન્ય સામે આક્ષેપોમા તપાસ કરશે. સુપ્રીમ કોર્ટ માઈનીંગ પ્રવૃત્તિમા ગંભીર ગેરરીતિ બદલ ભાજપના નેતા સામે તપાસ કરવા સીબીઆઈ તપાસનુ આદેશ આપ્યાના ત્રણ દિવસ બાદ સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરી દીધી છે. ગેરકાયદે માઈનીંગ પ્રવૃત્તિમાં યેદિયુરપ્પાએ નાણાકીય લાભ મેળવવા માટે તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. સાથે સાથે ચોક્કસ કોર્પોરેટ અને માઈનીંગ કારોબારીઓની તરફેણ કરી હતી. યેદિયુરપ્પાની તકલીફ વધી રહી છે. સીબીઆઈએ નિષ્પક્ષ રીતે આ મામલામા તપાસ હાથ ધરી દીધી છે. આ મામલામા તપાસ આગળ વધતા યેદિયુરપ્પાની મુશ્કેલીમા વધારો થઈ રહ્યો છે.

## ડિપાર્ટમેન્ટ ફિલ્મના ગીત ઉપર પ્રતિબંધ

મુંબઈ, તા.૧૫

ડિપાર્ટમેન્ટ ફિલ્મના વિવાદ જગાવનાર ગીત ઉપર પ્રતિબંધ મુકી દેવામા આવ્યો છે. પોલીસ ગીત ઉપર સેન્સરે પ્રતિબંધ મુકી દીધો છે. ડિપાર્ટમેન્ટને એ પ્રમાણ પત્ર મળી ગયુ છે અને કોઈ મોટા કામ મુકાયા નથી. માત્ર પોલીસ અંગેના ગીત ઉપર પ્રતિબંધ મુકાયો છે. સેન્સર બોર્ડે આને રદ કરી દેવા સુચના આપી દીધી છે. આ ગીત પોલીસ વિભાગની કામગીરી ઉપર આધારિત છે. લાલ બત્તી આતી હૈ સબકી....મુંબઈ પોલીસ હૈ સબકા ભાઈ.. આ ગીતને લઈને વિવાદ જાગ્યો હતો. આખરે સેન્સર બોર્ડે આ ફિલ્મના ગીત ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. સીબીએફસી દ્વારા નિવેદનમા આ મુજબની વાત કરવામા આવી છે. મુંબઈ પોલીસ ફોર્સ માટે અપમાનજનક બાબાતો અને વાંધાજનક બાબતો હોવાથી તેના ઉપર પ્રતિબંધ મુકવામા આવ્યો છે. નિર્દેશક રામ ગોપાવ વર્મા આ બાબત સાથે સહેમત નથી. જો કે આ ગીતને દૂર કરવામા આવ્યુ છે. શુક્રવારે આ ફિલ્મ રજૂ કરવામા આવનાર છે.

## ડીટીસી બિલ મોનસુન સત્રમાં જ રજૂ થશે : પ્રણવ

નવી દિલ્હી, તા.૧૫

નાણા પ્રધાન પ્રણવ મુખર્જીએ આજે રાજ્યસભામા ફાઈનાન્સ બિલ ૨૦૧૨ને ચર્ચા માટે રજૂ કરતી વેળા જણાવ્યુ હતુ કે દેશમાં ૫૦ વર્ષ જુના ઈન્કમટેક્ષ એક્ટને વધુ અસરકારક બનાવવા માટે બનાવવામા આવી રહેલા ડાયરેક્ટ ટેક્ષ કોડ (ડીટીસી) બિલને સંસદમાં મોનસુન સત્રમાં રજૂ કરવામા આવશે. પ્રણવે કહ્યુ હતુ કે સ્થાયી સમિતિની મોટા ભાગની ભલામણોને સ્વીકારી લેવામા આવશે. પ્રણવ મુખર્જીએ ચર્ચા માટે આને રજૂ કરતી વેળા કહ્યુ હતુ કે ફાઈનાન્સબિલ ૨૦૧૨ને પહેલાથી જ લોકસભાની મંજૂરી મળી ચુકી છે. ચર્ચા અને પસાર કરવા માટે રાજ્યસભામા આજે આ બિલ રજૂ કરવામા આવ્યુ હતુ. લોકસભા દ્વારા મંજૂર કરવામા આવ્યા બાદ લોકોની અપેક્ષા વધી ગઈ છે. પ્રણવે કહ્યુ હતુ કે બજેટ સત્ર પરિપૂર્ણ થઈ ગયા બાદ સ્થાયી સમિતિની તમામ ભલામણો પર વિચારણા કરવામા આવશે ત્યાર બાદ કેબિનેટની મંજૂરી બાદ ડીટીસી બિલને સંસદના બંને ગૃહમા મંજૂરી માટે મોનસુન સત્રમા રજૂ કરવામા આવશે. નાણામંત્રીએ કહ્યુ હતુ કે સ્થાયી સમિતિની તમામ ભલામણો ઉપર ધ્યાન આપવા હજુ સમય મળ્યો નથી. કારણ કે આનો અહેવાલ ૯મી માર્ચે સોંપવામા આવ્યો હતો. જ્યારે ૧૬મી માર્ચના દિવસે ફાઈનાન્સ બિલ રજૂ કરવામા આવ્યો હતો. ડીટીસી બિલથી દેશના ઈન્કમટેક્ષ કાયદા પર વ્યાપક અસર થશે કારણ કે આ ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ની જગ્યા લેશે. ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હાના નેતૃત્વમા સંસદની સ્થાયી સમિતિના અહેવાલમા અન્ય ભલામણની સાથે ઈન્કમટેક્ષ મુક્તિ મર્યાદા વર્તમાન ૧.૮ લાખથી વધારીને ૩ લાખની ભલામણ કરવામા આવી હતી.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

આ પ્રશ્નનો જવાબ બે વત્તા બે એટલે ચાર જેવો સહેલો નથી. પ્રેમ, શારીરિક સંબંધ અને મનમાં, જીવવામાં અને વિચારમાં આનો વિચાર કેમનો કરવો જરા સમજી લઈએ. એકવાર અભિનેત્રી તબ્બુનું એક વાક્ય વાંચેલું, એણે કહેલું કે, 'મારો પતિ મારાં બદલે બીજી સ્ત્રી સાથે શરીરથી એક થાશે તોય ચાલશે, પણ મનથી તો મને જ એકરૂપ થયેલો હોવો જોઈએ.' તબ્બુએ કીધેલો વિચાર એનો છે, પ્રત્યેક જણને એ પસંદ પડે એવું જરૂરી નથી. પણ પોતાની જાત સામે અને પોતાનાં જોડીદાર સામે આપણા દૃષ્ટીકોણથી જોઈ શકાય એનો વિકલ્પ મળે છે!!!

આપણી આસપાસ રચાતા સંબંધોમાં ઉતાર ચઢાવ તો આવતાં જ હોય છે. પ્રત્યેક સંબંધ જોડે સારા - નરસા પ્રસંગો ય બનતાં હોય છે. પ્રેમમાં હોઈએ ત્યારેય અનેકવાર એ સંબંધ નાજુક ક્ષણે આવીને ઉભો રહેતો હોય છે. આવી ક્ષણે શરીર કરતાં મનને વધારે મહત્વ આપવું જોઈએ એવું મને લાગે છે. કારણ જ્યારે આપણે એક વ્યક્તિ સાથે એકનિષ્ઠ હોઈએ એને વરેલાં હોઈએ ત્યારે શરીર સંબંધ એ એનું એક વાસ્તવીક રૂપ છે. પણ પર સ્ત્રી- પુરૂષનો વિચાર કરવો. એનો / એની ફેન્ટસીમાં જઈ વિચાર કરવાં. પોર્નોગ્રાફીક સાહિત્યના માધ્યમથી પોતાની વાસના સંતોષવી, ફેસબુક પર લિમિટ બહારની ચર્ચાઓ કરવી, હીરો-હીરોઈનને પોતાનાં સાથીદાર માની એની સાથે કાલ્પનિક શરીર સંબંધ બાંધવો વગેરે પણ એટલી જ ભ્રષ્ટ અને અનૈતિક વાતો છે! આપણામાનાં અનેક લોકો પોતાનાં જોડીદારનાં અપરોક્ષ, આભાસી વિકલ્પમાં અનૈતિક વર્તન કરતાં જ હોય છે. આ વખતે હકીકતમાં ભૂલથી થયેલી ઘટનાને કેટલું મહત્વ આપવું એનો વિચાર ના કરવો જોઈએ??

અર્થાત, તમારી શરીર સંબંધી બાબતમાં તમારી મનોધારણાં શું છે. એના પર ઘણી બાબતો આધાર રાખે છે. એટલે જ સ્વાતિની જેમ તમે જો આવાં અઘરાં પ્રસંગમાંથી પસાર થઈ રહ્યા હોય તો, પોતાની જાતને જ કેટલાંક પ્રશ્નો પૂછો? આવું કેમ? આપણાં જોડીદારના બીજા સ્ત્રી - પુરૂષ સાથે સંબંધ છે. એવું ખબર પડ્યાં બાદ આ સંબંધ ટકાવી રાખવો તમારા માટે શક્ય બનશે? જ્યારે જ્યારે તમારો જોડીદાર તમારી પાસે આવે ત્યારે પેલી વાત ફરી ફરીને તમારાં મનમાં આવશે. કારણ જો આવું બનવાનું જ હોય તો એ સંબંધ રાખવામાં કોઈ મતલબ નથી. જુની વાતોની ઘુમરીથી બંનેને દુઃખ જ મળશે!!!

તમે જે તમારી જોડીદારની જગ્યાએ હોત અને તમારાંથી જો આવી ભૂલ થઈ હોત, તો તમે શું કર્યું હોત? જોડીદાર પાસેથી તમારી અપેક્ષા શું હોત? તમે મનથી કેટલાં પાર્ટનર સાથે જોડાયેલાં છો? એકાદ આવી ઘટનાં તમારાં સંબંધોના પાયા હચમચાવી જવામાં કારણરૂપ બની શકે? તમને તમારાં જોડીદાર પર કેટલો વિશ્વાસ છ? પેલો - પેલી એકવાર ભૂલ કરી ચૂકી છે, એટલે ભવિષ્યમાંય આવી દગાબાજી થશે એવો ભય તમારા મનમાં કેટલી તીવ્રતાથી નિમાર્ણ થયો છે? આ બધાં પ્રશ્નોનાં જવાબ પોતાની જાતને પૂછ્યા બાદ તમારું દિલ અને મન જો તીવ્રપણે માનતું હોય કે સંબંધમાં ફરી ઉમળકો યથાવત રહેશે તો સંબંધને જાળવો, સાચવો. પણ જો તમારાં જોડીદારનાં પ્રામાણિકપણા પર તમારાં મનમાં શંકા સળવળતી હોય તો તે તરત જ એ સંબંધ પર પૂર્ણવિરામ મુકી દીધેલું ક્યારેય હિતકારી રહેશે!!

**ચૂંટલો :**

સરસ મજાનાં રૉમેન્ટીક પ્રેમ પ્રકરણમાં જ્યારે કોઈ એક પાત્ર અનિચ્છનીય ઘટનાનો પથરો ફેંકી વમળો પેદા કરે છે. ત્યારે એ સંબંધ ટકાવી રાખવા કાં તો ઘટના ભૂલવી પડે છે, કાં તો પ્રેમીને જ ભૂલવો પડે છે.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

'મને ખબર નથી.'

તો કોઈ ખબર હશે?

હું કંઈ રીતે કહી શકું.

'ઈશ્વરલાલ તમારા પતિછે એ તો ખરું ને?'

'હાં, સાચી વાત છે પણ એ મને કંઈ કહેતા નથી.'

'સારું, પણ કોઈ કામ અંગે જાય ત્યારે તો તમને કહીને જતા હશે ને?'

'હાં, પણ આજે કંઈ કહ્યું નથી.'

જમાદારે હવે પોલીસની રીતરસમ અપનાવી 'સારું થાણે ચાલો. ત્યાં એ બધું કહી દેશે.'

કોન્સ્ટેબલે પૂછ્યું, 'સર, હાથકડી પહેરાવીએ કે...'

'તમારી તો... સાલ્લાઓ સ્ત્રી ભાગીને કયાં જવાની છે. અરે! આ કોઈ ફૂલનદેવી છે કે ભાગશે તો આપણે પકડી નહીં શકીએ.'

જમાદારનો બગડેલો મિજાજ જોઈને કોન્સ્ટેબલોએ વાસંતીને એમ જ સાથે લઈ થાણા તરફ ચાલી નીકળ્યા. થાણે પહોંચતાં જમાદારે સલામ મારી.

'જયહિંદ - સર'

'જયહિંદ, ઈશ્વર કયાં છે?'

'એ તો ન મળ્યો.'

'તો આ કોને ઉઠાવી લાવ્યા છો.'

'સર, આ તેની પત્ની છે.'

તે દરમિયાન વાસંતીએ પોતાના સસરાને અને ફોજદારને નમીને વંદન કર્યાં.

'સારું બેસો.' ફોજદારે વાસંતીને બેસવા ઈશારો કર્યો.

'ઈશ્વર કયાં છે?'

'મને ખબર નથી.'

'સારું, આજે તમે લોકોએ સરને કેમ માર્યા?'

વાસંતી વિચારમાં પડી ગઈ. એવું તો કંઈ થયું નથી. તો પણ બાપુજી અહીં કેવી રીતે આવી ગયા.

'અમે બાપુજીને કંઈ કર્યું નથી. તમારે પૂછવું હોય તો એમને જ પુછી લો.'

વાસંતીને સમજણ પડતી ન હતી કે બાપુજીને માર્યા નથી તો પછી આ ફરિયાદ થાણામાં કોણે ને શા માટે કરી. તેણે કહ્યું -

'ના સર, ખોટી વાત છે. બાપુજીને કોઈએ કંઈ કર્યું નથઈ.'

'તો એ રસ્તામાં એમ જ પડી ગયેલાં'

'એ મને શું ખબર.'

'તો કોને ખબર હશે.'

વાસંતી હવે ચુપ થઈ ગઈ. ફોજદાર દિનેશ પણ વિચારમાં પડી ગયો. આ જોઈ દુર્ગા પ્રસાદે કહ્યું. 'દિનેશ આ બધું શું ચાલી રહ્યું છે?'

દિનેશ હવે ઝંખવાણો પડી ગયો. શું કરવું કે શું કહેવું તે તેને સમજ પડતી ન હતી.

ગામમાં વાસંતીને પકડીને લઈ ગયા છે. એ વાત વાયુવેગે ફેલાઈ ચુકી હતી. ઈશ્વરને ખબર પડતાં એ પોલીસ થાણે આવ્યો. ત્યારે ત્યાંનું દશ્ય જોઈને તેને પણ નવાઈ લાગી. વાસંતી અને બાપુજી બંને ફોજદારની પાસે બેઠાં હતા. તેને જોઈને વાસંતી હસી ત્યારે ઈશ્વરને થયું કે નક્કી મારા વિરુધ્ધમાં કંઈક રજૂઆત થઈ હોવી જોઈએ. તે એકદમ ટેન્શનમાં આવી ગયો અને બેભાન થઈ ઢળી પડ્યો.

**(સમાપ્ત)**

- vanvihari@gmail.com